## પ્રૌઢશિક્ષણ માટેનું પ્રમાણીત સાહિત્ય

### સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન


૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભુ હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળ૦ બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો ને રાક્ષસ
૧૭ રૂપસિંહ-રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ
૩૭ જુગતરાંમના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો-૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજી૦ પડી ગયા
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને-
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાબ્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળ૦ બીરબલ-૨
૫૪ છેટા રહેજો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓત૦ દીવાલો-૧
૬૨ ઓત૦ દીવાલો-૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત-મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ-ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન


### બાળસાહિત્ય ગુચ્છ


૧ જોયું ને આંખ ઠરી
૨ ઠેકંઠેકા
૩ દાદાજીની તલવાર
૪ વસંત આવી
૫ તફતફ તરૂરૂરૂ
૬ વિલાયતી વાતો
૭ ગામડામાં ગયો હતો
૮ ટેક
૯ આંબો રોપ્યો
૧૦ સટરપટર વાતો
૧૧ ભેંશના શિંગડામાં
૧૨ લાલ અને હીરા
૧૩ જીવજંતુ
૧૪ હેમુભાઈના પાઠો
૧૫ કાવ્યો-રેખાચિત્રો
૧૬ પક્ષીઓ
૧૭ વૃક્ષો
૧૮ વિજ્ઞાન


# બાળસાહિત્યગુચ્છ

સંપાદકો

## ગિજુભાઈ
## તારાબહેન

# લાલ અને હીરા

શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય
સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

## બાળસાહિત્ય ગુચ્છ

# લાલ અને હીરા

: લેખક :
ગિજુભાઈ

પ્રૌઢશિક્ષણ નિયામકશ્રીના પત્ર નં. પઢશ/૮૯-મ-૨/૧૦૪૫-૧૧૫૦
તા. ૨૪-૪-૧૯૮૯ના પત્રથી જનશિક્ષણ કેન્દ્રો તથા અવૈધિક શિક્ષણ
માટે ખરીદવા ભલામણ થયેલ છે.

આર. આર. શેઠની કંપની
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨ * ગાંધી રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ • અમદાવાદ ૩૮૦ ૦૦૧

©
પ્રકાશકનાં

પુનઃસંપાદિત : પુનર્મુદ્રણ
નવેમ્બર ૧૯૮૯ : પ્રત ૨૧૦૦

રૂા. ૩–૦૦

મુદ્રક
ભગતભાઈ બી. શેઠ, શ્રી પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી સ્ટેશન રોડ, સોનગઢ ૩૬૪૨૫૦

# લાલ અને હીરા

એક કઠિયારો હતો. કઠિયારો બહુ જ ગરીબ. એવો ગરીબ, એવો ગરીબ, કે દિવસ બધો લાકડાં કાપે ને સાંજે વેચે ત્યારે માંડમાંડ પેટ ભરાય.

એક દિવસ કઠિયારો લાકડાં કાપવા ગયો. સવારથી સાંજ સુધી લાકડાં કાપ્યાં. ટાઢે પહોરે જ્યાં લાકડાં કાપી એકઠા કરી ભારો બાંધવા જાય ત્યાં દોરડું ન મળે. કઠિયારો મૂંઝવણમાં પડ્યો. લમણે હાથ દઈને બેઠો ને મનમાં બોલ્યો : 'અરે ભગવાન! છે ને નસીબ બે ડગલા આગળનું આગળ? આજે લાકડાં સારાં કપાયાં ને થતું હતું કે બે પૈસા વધારે ઊપજશે, પણ ત્યાં તો દોરડું જ ઘેર ભૂલી ગયો!'

ઊભો થયો ને કાંઈક સીંદરી જેવું મળે તો બાંધું એમ વિચારી શોધવા લાગ્યો. ત્યાં તો દૂર દૂર કંઈક ધોળું ધોળું ચળકતું દેખાયું. ઉતાવળે પગલે ત્યાં ગયો ને જુએ તો મરેલો સાપ પડેલો, કઠિયારાને થયું : 'મરેલો સાપ તો મરેલો સાપ; ચાલ ને એનાથી જ લાકડાં બાંધું ને ઘરભેગો થાઉં?'

કઠિયારે તો લાકડાં એકઠાં કરી સાપથી ભારો બાંધ્યો અને માથે મૂકી ચાલવા માંડયું. આઘેરેક ગયો ત્યાં એક, બે, ત્રણ, ચાર, એમ લાકડાં પડવા માંડયા. કઠિયારો લાકડાંનો ભારો હેઠે ઉતારવા જાય ત્યાં તો બધાં લાકડાં હેઠે પડયાં અને તેની ઉપર લાલ ચટકદાર મોટું જબરું માણેક દેખાયું.

કઠિયારો તુરત સમજી ગયો : ‘ નક્કી આ તો પેલો સાપ જ. ’ મનમાં બોલ્યો : ‘ ભલા, આ તો વાર્તાઓમાં બને છે એવું થયું. ભગવાનની મહેર થઈ કે મારા જેવા ગરીબને આવું રત્ન સાંપડયું. ’

કઠિયારે લાકડાં પડતાં મૂક્યાં, ફેંટિયાને છેડે મણિ બાંધી લીધો ને હરખાતો હરખાતો ઘેર આવ્યો. જઈ ઘરવાળીને મણિ આપ્યો ને કહ્યું : ‘ લે, આજ દાળદર ફીટયું. આ રોજ નાયાધોયા વિના જમતી નથી, તે ભગવાને આ માણેક આપ્યું. ’

કઠિયારણ રાજી થઈ ગઈ. પણ તેણે કહ્યું : ‘ આવું રતન આપણે ગરીબને ત્યાં ન શોભે. આપણા રાજાજી પાસે જાવ અને એમને પગે ભેટ ધરો. એ રાજી થઇને જે આપે તે લાવો. ’

કઠિયારો રાજાજી પાસે ગયો અને રતન ભેટ ધર્યું. રાજાજી રતન જોઈ અચંબો પામ્યા, ખરેખર રતન બહુ મોંઘાલનું મૂં હતું. રાજા પાસે પણ એનો જોટો નહોતો.



રાજાએ કઠિયારાને દસ હજાર રૂપિયા અપાવ્યા અને તેને રવાના કરી પોતે રાણીવાસમાં આવ્યો.

હસતાં હસતાં રાજાએ રાણીને રતન આપ્યું અને કહ્યું : ‘લ્યો, રાણીજી ! આજે તમારી વરસગાંઠ છે તે આ રતન તમને ભેટ આપું છું. ’

રતન જોઈ રાણી ખુશીખુશી થઈ ગઈ.

રાજા ત્યાંથી કચેરીમાં ગયો. રાણી તો રતન જોતી જોતી બેઠી હતી, પણ થોડી વારમાં કંઈક એવો ચમત્કાર થયો કે રતનને બદલે રાણીના હાથમાં બાળક દેખાયો. બાળક જોઇ રાણી ગાંડી ગાંડી થઇ ગઇ. તેનો હરખ તો ક્યાંઈ માય નહિ. દાસીને મોકલી રાજાજીને કચેરીમાંથી બોલાવ્યા. રાજાજી પણ રતનનો રતન જેવો કુંવર જોઈ હરખાયા. લાગલો જ મોટો દરબાર ભર્યો. અમીરઉમરાવોને સરપાવ આપ્યા; ગવૈયાબજવૈયાને રાજી કર્યા; ઘેરઘેર સાકર વહેંચાવી; મંદિરે પૂજાએ કરાવી; છોકરાંઓને પેંડા વહેંચ્યા, અને નિશાળમાં છૂટી પડાવી. રાજદરબારમાં તો આજે લાપસીનાં આંધણ મુકાયાં હતાં. સૌના હરખ ક્યાંઇ માતો ન હતો.

લાલ રતનમાંથી આ દીકરો થયો એટલે રાજાએ એનું નામ લાલ પાડયું,

લાલ ધીરે ધીરે મોટો થવા લાગ્યો. અને એમ સાત વરસનો થતાં તેને ગાજતેવાજતે સોનાનું નાળિયેર

હાથમાં રખાવી પંડ્યાજીની નિશાળે ભણવા મૂક્યો.

રાજકુંવર રોજ ત્યાં ભણે છે, ગણે છે, અને વિદ્યામાં પ્રવીણ થાય છે. ત્યાં એક પ્રધાનની દીકરી પણ ભણવા આવે. એનું નામ હીરા. જેવો લાલ એવી હીરા. લાલ માણેકમાંથી થયો, એમ હીરા કેમ જાણે હીરામાંથી થયેલી! બોલવે ચાલવે બધી રીતે ચતુર. લાલ ને હીરા બન્ને સાથે ભણે, સાથે લખે, સાથે વાંચે, સાથે રમે અને સાથે ફરે. નિશાળમાં બધો વખત સાથે જ રહે. લાલહીરાની જોડી જ ગણાતી. કોઇ બોલાવે તો 'લાલહીરા ક્યાં છે?' એમ કહીને જ બોલાવે. બેઉને ભારે બને. કેમ જાણે સાત ભવનાં ઓળખીતાં!

એમ કરતાં લાલ અને હીરા મોટાં થયાં; ભણતર ભણી ઊતર્યાં. તોપણ લાલ ને હીરા રોજ રાજબાગમાં મળે ને નવી નવી વિદ્યાની વાતો કરે. સાંજે પાછાં પોતપોતાને ઘેર જાય.

એમ કરતાં કરતાં પ્રધાન ઘરડા થયા અને કારભાર છોડી પોતાને દેશ ગયા. હીરાને પણ સાથે જવું પડ્યું. પણ હીરા ને લાલ છૂટાં પડતાં ખૂબ ખૂબ રડ્યાં, મનમાં મનમાં થઈ ગયું કે આખી જિંદગી સાથે રહેવાયું હોત તો કેવું સારું!

હીરા ગઈ અને લાલ એકલો રહ્યો. લાલ વીશ વરસનો જુવાન થયો. કુંવર માટે નાળિયેર ઉપર નાળિયેર આવવા



લાગ્યાં, પણ લાલ ડોકું ધુણાવે છે. મનમાં છે કે 'પરણું તો એક હીરાને પરણું.'

પણ હીરાનું નાળિયેર ક્યાંથી આવે? એ તો વાણિયાની દીકરી હતી.

અહીં હીરા મોટી થઈ અને પ્રધાને હીરાનું વેવિશાળ કર્યું. હીરાને થયું કે 'વરવા જેવો વર તો એક લાલ છે, ખરેખર, લાલ તો મારું મોંઘું રતન છે. બીજા સાથે હું કેમ સુખી થઈશ?'

દિવસ ઉપર દિવસ ચાલ્યા ગયા, ને હીરાનાં લગ્ન લેવાયાં. હવે હીરાથી ન રહેવાયું. હીરાએ લાલને છૂપો સંદેશો મોકલ્યો ને કહાવ્યું : રુક્મણિની સાર શ્રીકૃષ્ણ ભગવાને લીધી, તેમ તમે મારી સાર લેજો ને વહારે આવજો, આસો સુદિ અગિયારશની અજવાળી રાતે અગિયાર વાગે અમર ચોકમાં મારી ભાળ કાઢજો.'

કાસદ પરબીડિયું લઈ લાલ પાસે આવ્યો લાગલો જ ઘોડો પલાણી લાલ હીરાની વહારે ધાયો, અને સાત દિવસની મજલ દરમજલ કરતો રેવાનગર આવી પહોંચ્યો. તે દિવસે બરાબર આસો સુદિ અગિયારાશની સાંજ હતી.

પ્રધાન ગામનો નગરશેઠ હતો. હીરા એની એકની એક દીકરી; એનાં લગ્ન. એમાં શોભાશણગારની શી મણા હોય?

દીપમાળથી આખું નગર ઝળહળી રહ્યું હતું. હીરાને

ચૂંદડીએ ચડવાનો વખત થઈ ગયો હતો. પ્રધાનના ઘર આગળ ઢોલ, નગારાં, ત્રાંસાં નોબત, નિશાન અને જાતજાતનાં વાજાં વાગી રહ્યાં હતાં. સૌભાગ્યવતી સ્ત્રીઓ અને કુમારિકાઓ નવનવાં વસ્ત્રો પહેરીને શણગાર સજીને અહીંથી તહીં જતી આવતી હતી, સાજનમાજન એકઠું થઈ સભામંડપમાં બેઠું હતું, અને અત્તરગુલાબ તથા પાનસોપારીની મહેમાનગતી ચાખતું હતું. ઘરમાં હીરાને સૌ સોળ શણગાર સજાવતું હતું. કપાળે કુંકુમની પિયળ તાણી હતી; આંખે ને ગાલે ફૂલિયાં પાડ્યાં હતાં ને એમાં સતારા ચોડ્યા હતા; પગમાં નેપુર ને ઝાંઝર તથા હાથમાં ચૂડીબંગડીઓ ભરી દીધી હતી. આવડી મોટી ધામધૂમમાં હીરાના મનમાં એક લાલનો જ વિચાર હતો. 'લાલ આવશે કે નહિ? કાગળ મળ્યો હશે કે નહિ?' એ જ એને ચિંતા હતી.

હીરાને ઘોડે બેસાડી હાથમાં નાળિયેર આપ્યું. ઓળઘોળ ઉતારીને વરઘોડો આગળ ચાલ્યો. ચાલતાં ચાલતાં વરઘોડો અમર ચોકની નજીક આવવા લાગ્યો. હીરાનું હૈયું ધડક ધડક થતું હતું. હમણાં જ લાલ દેખાશે, પછી....'

અમરચોકમાં મોટું દારૂખાનું ગોઠવ્યું હતું. સવારી ઊભી રહી ને દારૂખાનું ફૂટવા લાગ્યું. હીરા આમતેમ જોતી હતી. એક ઘોડેસ્વાર પાસે આવ્યો અને તેના



કાનમાં ગણગણ્યો: 'ઘોડેથી ઊતરી પડ. આ એક બાઇ લાવ્યો છું તે તારે બદલે ચડી બેસે છે; તું પેલા ઘોળા ઘોડા ઉપર સવાર થઈ ઉગમણી બાજુએ નાસી છૂટ. હું લાલ છું; તારો સંદેશો મળ્યો છે.'

આંખના પલકારામાં તો બધો બનાવ બની ગયો, અને અરધા કલાકમાં તો લાલ અને હીરા એક ગાઢા જંગલમાં પાસે પાસે ઘોડા ચલાવતાં અને વાતો કરતાં કરતાં ચાલ્યાં જતાં હતાં.

હીરાને પરણવા આવેલ વરરાજાનું પછી શું થયું હશે તેનો વિચાર કરવાનું વાંચનારને સોંપી દઈએ, અને આપણે તો લાલ અને હીરા સાથે ચાલીએ.

રાતના પાછલા પહોરે લાલ અને હીરા ઘણે દૂર નીકળી ગયાં. મારગ એવો લીધો હતો કે એ મારગે કોઇ પાછળ આવે જ નહિ. હવે લાલ અને હીરાને જરાક થાક લાગ્યો હતો. તેઓ ક્યાંઇક આરામ લેવાનો વિચાર કરવા લાગ્યાં. એટલામાં થોડે દૂર એક ઝૂંપડું દેખાયું. બંને ત્યાં ગયાં. ઝૂંપડામાં એક ડોશી હતી; તેને રાતની રાત પડી રહેવા માટે પૂછ્યું. ત્યાં તો ડોશી કંઈ કંઈ વાનાં કરવા લાગી. ચાકરડીને બોલાવી ઊનું પાણી મુકાવ્યું, ગરમાગરમ રસોઈ કરવા કહ્યું, ને પડખેના ઝૂંપડામાં લાલ ને હીરાના ઘોડા બાંધવા નોકરને હુકમ કર્યો. લાલ અને હીરાને નજરે જોઈ ડોશીએ જાણી લીધું હતું

કે આ બે જણાં આ મુલકનાં અજાણ્યાં છે, પણ માલદાર લાગે છે. તેમના શરીર ઉપર દરદાગીના તો ખૂબ હતાં. વળી હીરા ચૂંદડી ઓઢવા ચડી હતી ત્યાંથી જ આવી હતી, એટલે તેના શરીર ઉપર તો કેટલું ય ઘરેણું હતું.

લાલ અને હીરાએ ઉતારો કર્યો. ડોશીના કહેવાથી ચાકરડી પગ દાબવા લાગી. પગ દબાવતાં દબાવતાં લાલને પગે ભીનું ભીનું લાગ્યું. જુએ છે તો ચાકરડીની આંખમાં આંસુ દીઠાં. લાલે તેનું કારણ પૂછતાં ચાકરડીએ હળવેથી કહ્યું : 'આ લૂંટારાઓનું ઘર છે. ડોશીનો દીકરો લૂંટ કરવા ગયો છે. હમણાં એ આવશે ને તમને મારી નાખશે, માટે નાસી છૂટો.'

પળવારમાં લાલ અને હીરા ઘોડા પર સરસામાન નાખી ઘોડે બેસી ચાલી નીકળ્યાં. ડોશીએ ઘણી ખુશામત કરી, ઘણા સોગન દીધા, ઘણી મીઠીમીઠી વાતો કરી, પણ તેઓ ઊભાં જ ન રહ્યાં. ડોશીને થયું કે આ તો પંજામાંથી છટક્યાં, એટલે તેણે જોરથી બૂમ પાડી : 'બે પક્ષીઓ પાંજરામાંથી ઊઠ્યાં છે. પકડો, પકડો !' ડોશીનો છોકરો આ સાંભળી સમજી ગયો કે આવ્યું ખાજ હાથમાંથી જાય છે, એટલે તે તરત ઝૂંપડે આવ્યો અને એકદમ વાત જાણી લીધી. વાત સાંભળી લઈ એણે લાલ અને હીરા પાછળ સવાર થઈ મારી મૂક્યાં.

લાલ અને હીરા ચારે તરફ નજર નાખતાં ભાગ્યાં



જતાં હતાં, પાછળ આવતા ઘોડેસ્વારને જોઈ તેઓ ચેત્યાં. આવનાર માણસ લૂંટારો છે એની ખાતરી થતાં હીરાએ તેના પર તીર છોડયું અને તેને ઘાયલ કર્યો. હમણાં કાંઈ વળશે નહિ, એમ ધારી લૂંટારો તેની પાછળ પડ્યો નહિ, પણ લાલ અને હીરા કઈ દિશામાં જાય છે તે જાણી લીધું અને પોતે પાછો ફર્યો.

લાલ અને હીરા બંને રત્નપુર નગરમાં આવ્યા. ત્યાં જઈ હીરાએ રાજકુંવરનો વેશ પહેર્યો. હજી પણ તેઓ હજી પણ તેઓ પકડાઈ જવાની બીકમાં હતાં; તેને એકાદ વિશ્વાસુ ખાસદારની જરૂર હતા. તપાસ કરતાં કરતાં એક માણસ ખાસદાર તરીકે રહેવા આવ્યો. માણસ બહુ મીઠાબોલો હતો એટલે તેમણે તેને રાખી લીધો બીજે દિવસે લાલ, હીરા અને ખાસદાર ત્રણે રામનગર તરફ ઊપડ્યાં. ખાસદારે પોતાનો ઘોડો આગળ લીધો અને રામનગરને રસ્તે દોરવા લાગ્યો. થોડે ગયાં એટલે હીરાને વહેમ પડ્યો. લાલને ઈશારત કરી અને બન્નેને ખાતરી થઈ કે આ તો જે લૂંટારાના ઝૂંપડા તરફથી આવ્યાં તે મારગે જ લઈ જાય છે. રખે ને આ લૂંટારો તો ન હોય ? લાલ મારગની પૂછપૂરછ કરે છે ને કંઈક ને કંઈક વહેમ બતાવે છે, એટલામાં તો ખાસદારે ( લૂંટારે ) એકદમ ગુસ્સો કર્યો, અને લાલનું ડોકું ઉડાવી દીધું. હીરા પ્રથમ તો હેબતાઈ ગઈ, પણ પોતે વાણિયણ હતી

એટલે સમયસૂચકતા વાપરી પેલા લૂંટારાને કહ્યું : 'ભલા માણસ ! તારે ધન જ જોઈતું હતું તો પહેલેથી જ કહેવું હતું ને ? અમે તને આપી દેત !' પણ લૂંટારો ખૂનમાં હતો. હીરાનું કંઈ પણ સાંભળ્યા વિના તે હીરા પાસે ગયો. ગભરાયા વિના હીરાએ પુરુષના કપડાં ફેંકી દીધાં, અને કહ્યું : 'હું તો સ્ત્રી છું. આને તેં મારી નાખ્યો, તો હવે ચાલ તને જ પરણું ! સાત પેઢી ચાલે એટલો આ ખજાનો છે. ખાશું, પીશું ને મજા કરશું.'

લૂંટારો પાછો હઠી ગયો: તે લલચાઈ ગયો, અને સાચું માની હીરાની સાથે લાલને ઘોડે બેસી ઝૂંપડા તરફ ચાલ્યો. રસ્તો બતાવવા તે મોઢા આગળ જ ચાલતો હતો. હીરાએ વિચાર કર્યો : 'હવે આને ઉડાડું.'

એકાએક હીરાએ તેને કહ્યું : 'આ આકાશમાં શું દેખાય છે ?'

'ક્યાં છે ?' કહી લૂંટારાએ ઊંચુ જોયું.

હીરાએ કહ્યું : 'જુઓ ને, એ પણ.'

લૂંટારો કંઈક શોધવા આકાશ સામે નજર કરે છે એટલામાં હીરાએ તલવાર કાઢીને લૂંટારાનું ડોકું ઉડાવી દીધું !

લાલનો ઘોડો લઇ હીરા પાછી ફરી. લાલના શબ પાસે આવી એ કલ્પાંત કરવા લાગી. એવું રુદન આદર્યું કે મોટા પહાડો ય ફાટી જાય. પણ અહીં તો જંગલ હતું. એનું કોણ સાંભળે ? બનવા કાળે આકાશમાં શિવપાર્વતી વિમાનમાં બેસી કૈલાસમાં જતાં હતાં, પાર્વતીએ વિલાપ સાંભળ્યો અને શંકરને કહ્યું : 'મહારાજ ! અહીં કોઈ દુ:ખી છે; રુદન કરે છે. ચાલો આપણે એને મદદ કરીએ.'



શંકરે કહ્યું : 'અરે પાર્વતીજી ! એ તો હશે કોઇક મનુષ્ય, દુ:ખમાં આવી પડ્યું હશે. તમે તો રોજ ને રોજ કો'કના દુ:ખે દુ:ખી થઈ સૌને મદદ કરવા દોડો છો. આ જ તો આપણે સીધા કૈલાસ જ જઈએ.'

પણ પાર્વતીજીએ હઠ લીધી ને શંકર પાર્વતી હેઠે આવ્યાં. લાલનું શબ જોઈને અને હીરાનું રુદન સાંભળીને શંકરનું હૈયું પણ પીગળી ગયું. શંકરે પોતે ધડ ઉપર લાલનું માથું મૂક્યું, અને કમંડળમાંથી પાણી છાંટી લાલને સજીવન કર્યો.

આળસ મરડી લાલ ઊભો થયો. પળમાં તેણે શંકરપાર્વતીને ઓળખ્યાં. લાલ અને હીરા એમને પગે લાગવા જાય ત્યાં તો વિમાન કેટલે ય દૂર ઊડી ગયું. લૂંટારાએ લાલને મારી નાખ્યા પછી શું બન્યું તે બધી હકીક્ત હીરાએ લાલને કહી અને અંતે બધું સારું થયું તેથી ભગવાનનો પાડ માનતાં માનતાં અને સુખની વાતો કરતા કરતાં બન્ને રામનગરનો મારગ ખોળતાં આગળ ચાલ્યાં.

લગભગ બપોર થયા ત્યારે રામનગર આવી પહોંચ્યાં. ધર્મશાળામાં એક ઓરડી રાખી ઉતારો કર્યો. હીરા ઓરડી સાફ કરવા લાગી અને લાલ ખાવાપીવાનો સામાન લેવા બજારમાં નીકળ્યો. દુકાને દુકાને જોઈતી ચીજો લઈ પડીકાં બંધાવી ત્યાં જ રાખ્યાં ને 'પાછા વળતી વખત લેતો જઈશ.' એમ કહી તે આગળ વધ્યો.

શહેરને બીજે છેડે એક તંબોળણની દુકાન હતી. લાલે ત્યાં પાન માગ્યાં. તંબોળણે કહ્યું: 'ભાઈ! અહીં પડયાં છે એ પાન તમ સરખા માણસ માટે નથી. ઉપર ચાલો; ઊંચી જાતનાં પાન બતાવું.' લાલને કશો વહેમ આવ્યો નહિ. તે ઉપર ગયો, પણ પેલી બાઈએ તરત જ તેના ઉપર પાણી છાંટી ગળે દોરો બાંધી તેને બકરો બનાવી દીધો.

આ તરફ હીરા લાલની રાહ જોતી રહી. સાંજ પડી પણ પાછો આવ્યો નહિ. એટલે એની ધીરજ ન રહી. તે પોતે જ લાલની શોધમાં બજારમાં નીકળી. વેપારીઓ તેને બોલાવવા લાગ્યા અને કહેવા માંડ્યા: 'આ સામાન હજી કેમ ન લઈ ગયા?'

હીરા સમજી કે ખરેખર લાલ સામાન લેતો ગયો છે અને બજારમાં આગળ ગયો છે. છેવટે પોતે પેલી તંબોળણની દુકાન પાસે આવી. લાલને પાન લાવવાનું પણ કહ્યું હતું એટલે તંબોળણ બાંધી રાખેલાં પાન લઈ જવાનું કહેશે એવી ધારણા હતી, પણ તંબોળણ કાંઈ બોલી નહિ એટલે હીરાને જરા વહેમ પડયો. દુકાને જઈને એણે પાન માગ્યાં. બાઈએ લાલને કહ્યું હતું તેમ જ હીરાને કહ્યું: 'આ પાન તમારા જેવા સારાં માણસ માટે નથી. ઉપર ચાલો; સારા પાન બતાવું.' પણ હીરા તો વાણિયાની દીકરી હતી. આમાં કંઈક ભેદ હશે, કદાચ જાદુગર હશે, લાલને એણે અહીં જ ફસાવ્યો હશે, એમ અટકળ કરી તે પાછી મુકામે ગઈ.

હવે શું કરવું એના ઊંડા વિચારમાં તે પડી ગઈ. મનમાં થયું: 'આ તે ભાવિ કેવાં છે? એકમાંથી છૂટીએ છીએ ત્યાં બીજામાં ભરાઈએ છીએ!'

વિચાર કરતી હીરા બેઠી છે એટલામાં એક પાડોશણ બાઇના રડવાનો અવાજ કાને આવ્યો. કૌતુકથી હીરા ત્યાં ગઇ તો એક બાઈ મીઠાઇ બનાવતી જાય છે ને રડતી જાય છે. હીરાએ પૂછયું: 'અરે બેન! બનાવો છો તો મીઠાઇ, અને રડો છો શું કામ?'

બાઈએ કહ્યું: 'આજે ભારે દુઃખ આવી પડયું છે, વાત એમ છે કે અહીંની કુંવરી રોજ એક માણસને ભરખે છે. કહે છે કે પહેલાં તો રાતે ગામમાં નીકળતી અને ગમે તે એક માણસને ઉપાડી જતી; પણ હવે રાજાએ ઠરાવ કર્યો છે કે વારાફરતી દરેક ઘેરથી એક એક માણસ મળે. એમાં આજે મારા દીકરાનો વારો છે.

અરેરે ! મારા જુવાનજોધ દીકરાને એ રાક્ષસણી ભરખી જશે!' એમ કહી બાઈ માથું કૂટવા લાગી અને રડવા લાગી.

હીરાએ વિચાર કર્યો: 'ચાલ ને જોઉં તો ખરી? હિંમતે મરદા તો મદદે ખુદા! એ રાક્ષસબાક્ષસને મારી નાખું તો રાજાની મહેરબાની થાય અને લાલનો પત્તો લાગે. અને મરી ગયાં તો શી ફિકર છે? લાલ તો ગયો જ છે; હવે જીવવામાં શો સાર છે?'

આવો વિચાર કરી હીરાએ પેલી બાઈને કહ્યું: 'માડી! તમે ન રડો. તમારા દીકરાને બદલે હું જઈશ.'

આવા કનૈયા કુંવર જેવા હીરાકુંવરને મોકલતાં બાઈનો જીવ ન ચાલ્યો. એનું મન દુભાયું પણ પોતાનો દીકરો જશે એવી લાગણીથી બાઈએ હીરાને કુંવરીને મહેલે જવાની રજા આપી.

રાત પડી. હીરા સુંદર રાજકુંવરના વેશે કુંવરીના મહેલે આવી પહોંચી. કુંવરીએ એને જોઈ. એના ઉપર મન ચોંટ્યું. એને થયું: 'અરે, બિચારો આ જુવાન પણ હતો ન હતો થઈ જશે! કોણ જાણે શું યે એનું થશે. લોકો કહેશે: 'અભાગણી રાજકુંવરી એને ભરખી ગઈ!' મને તો ખબરે પડતી નથી કે કોણ આવે છે ને માણસને કોણ ભરખે છે.'

કુંવરીને આ (હીરા) કુંવર ઉપર ઘણી દયા આવી. હેતપ્રીતથી કુંવરીએ એને નવરાવ્યો-ધોવરાવ્યો, અને



ખવરાવ્યું પીવરાવ્યું. નજીકના પલંગ પર તેને સુવાડ્યો. પછી ચિંતા કરતી કરતી કુંવરી પણ સૂતી. સૂતાં સૂતાં એણે પ્રાર્થના કરી: 'હે ભગવાન! તું આજે બચાવજે.'

હીરા અને કુંવરી બન્ને ઊંઘી ગયાં. મધરાત થઈ, ત્યાં તો સફાળી કુંવરી જાગી અને ધ્રૂજતી ધ્રૂજતી ઓરડામાં દોડવા લાગી; એના મોઢામાંથી ફીણ નીકળવા લાગ્યાં; આંખો લાલ થઈ ગઈ, અને થોડી વારમાં બેભાન થઈ તે પડી ગઈ. દરમિયાન હીરા જાગી ઊઠી. કંઈક ભયંકર બનાવ બનશે એમ લાગવાથી તેણે ક્યારની તલવાર કાઢી રાખી હતી; બીધા વિના અક્કડ થઈને તે બેઠી હતી.

કુંવરી ધબ દઈને નીચે પડી કે તેના મોઢામાંથી ધીરે ધીરે એક મોટો સાપ નીકળ્યો. ભયંકર સાપ! આંખમાંથી અગ્નિ ઝરતો હતો; જીભ લબરક લબરક થતી હતી. માણસભક્ષા આવા ભયંકર સાપને જોઈને એક વાર તો હીરાના હાંજા ગગડી ગયા. પણ હિંમત હાથ કરી બળ કરી તે ઊભો થઈ, અને સામે ધસી આવતા સાપને છલંગ મારી તલવારના એક ઝાટકાથી રામશરણ પહોંચાડી દીધો. સાપનું ધડ અને ડોકું તરફડતાં હતાં; કુંવરી બેભાન પડી હતી; હીરાની તલવાર લોહીલોહાણ થઈ હતી; દેખાવ ભયંકર હતો.

થોડી વારે હીરાએ તલવાર મ્યાન કરી. વાતનો મર્મ

હવે સમજાઈ ગયો હતો, એટલે ઠંડું પાણી રેડી કુંવરીને જાગ્રત કરી અને બધી વાત કહી. કુંવરી રાજીરાજી થઇ ગઈ અને ત્યાં ને ત્યાં જ હીરાને પોતાનો પતિ કરી તેના ગળામાં વરમાળા પહેરાવી. સાચું બોલવામાં અત્યારે કંઈ અર્થ નથી એમ સમજી હીરા ચૂપ રહી.

સવાર થઈને રાજાને સાપરાક્ષસ મરાયાની ખબર પડી. વીજળીવેગે શહેર આખામાં ખુશાલી પથરાઈ રહી. રાજાએ મોટો દરબાર ભર્યો અને હીરાને કહ્યું : ‘ માગ માગ, જે માગે તે તને આપું.’

હીરાએ કહ્યું : ‘ મારે બીજું કશું નથી જોઇતું માત્ર મારે એક કલાકનું રાજ્ય જોઈએ છીએ.’

તરત જ રાજા ગાદીએથી હેઠે ઊતર્યો અને હીરા ગાદી ઉપર બેઠી. હીરા એક કલાક માટે રાજા છે એવો ઢંઢેરો ગામમાં પિટાયો અને સાથે જ હીરાનો હુકમ નીકળ્યો : ‘ જેને જેને ઘેર પશુ, પક્ષી, ઢોરઢાંખર જે કાંઇ જાનવર હોય તે લઈને અરધા કલાકમાં કચેરીમાં હાજર થાય ! ’

ગામના તમામ લોકો પોતપોતાનાં ગાય, ભેંશ, બળદ, બકરી, લઈ હાજર થયાં; એક તંબોળણ આવી નહોતી. હીરાએ તે જાણી લીધું અને તંબોળણને તેના જાનવર પકડી મંગાવવા હુકમ કર્યો. તંબોળણ બકરા સાથે આવી. તરત જ હીરાએ સિપાઈઓને હુકમ કર્યો : ‘ આ તંબો-



ળણને અહીં ને અહીં જ ગરદન મારો ! ’ તંબોળણ કરગરવા લાગી; કાલાવાલા કરવા લાગી : ‘ વાંકગુના વિના શું કરવા મારો છો ? ’ એમ કહી આજીજી કરવા લાગી. પણ હીરાએ વધારે સખ્તાઇથી કહ્યું : ‘ હમણાં જ એનું ગળું ઉડાવો. ’

તંબોળણે કહ્યું : ‘ મારો જે વાંકગુનો હોય તે કહો, પણ મને મારો નહિ. ’

હીરાએ કહ્યું : ‘ પેલો કુંવર ક્યાં છે ? એને હાજર કરીશ તો જ તું આજે બચીશ. ’

આખરે તંબોળણે પાસે જ ઊભેલા બકરાના ગળામાંથી કાળો દોરો તોડી નાખ્યો અને સૌના આશ્ચર્ય વચ્ચે લાલ ખડો થયો ! લાલ અને હીરા દોડીને એકબીજાને ભેટી પડ્યાં. તેમની આંખમાંથી હરખનાં આંસુ વહ્યાં જતાં હતાં.

હીરાએ લાલને બનેલ વીતક કહી સંભળાવ્યું. એટલામાં કલાક પૂરો થયો અને હીરા ગાદીએથી ઊતરી. રાજાને ક્યારની ખબર પડી ચૂકી હતી કે પોતાની કુંવરી આ હીરાકુંવરને વરી ચૂકી હતી. રાજા હવે ઘરડો થયો હતો, તેથી તેણે હીરાને ગાદી સોંપી અને ત્યાં ને ત્યાં જ પોતાની દીકરીનાં તેની સાથે લગ્ન કર્યાં, અને હીરાનો રાજ્યાભિષેક કર્યો.

હજુ વખત નથી આવ્યો જાણી હીરા મૂંગી જ રહી.

કચેરી વીંખાઈ અને સૌ રાજી થતાં પોતપોતાને ઘેર ગયાં; લાલ, હીરા અને રાજકુંવરી પણ મહેલમાં ગયાં.

ત્રણે જણાં સુખચેનમાં વાતો કરે છે. એટલામાં કંઈક બહાનું કાઢી હીરા અંદરના ઓરડામાં ગઇ અને સ્ત્રીનો વેશ પહેરી લાલ સામે આવી લાજ કાઢીને ઊભી રહી. લાલ તો આ વાત સમજી ગયો, પણ રાજકુંવરી તો વિચારમાં પડી ગઇ : 'અરે, એકાએક આ સ્થળે સ્ત્રી ક્યાંથી ? ને હીરાકુંવર ક્યાં ગયા ?' તે કંઈ સમજી શકી નહિ. લાલે ધીરેથી તેનો ખુલાસો કર્યો. કુંવરી લાજ ઉઘાડીને જુએ છે તો હીરાનું જ મોઢું હતું ! તે થોડીવાર સુધી મૂંઝાઈ ખરી, પણ પછી હીરાએ હેત કરી તેને કહ્યું : 'હવેથી આપણે બે બહેનો અને આ લાલ આપણો લાલ !'

ત્યાર પછી લાલે ઘણાં વર્ષો રાજ્ય કર્યું અને હીરા અને રાજકુંવરી સાથે ઘણાં વર્ષો સુખમાં ગાળ્યાં; ને ખાધું પીધું ને મોજ કરી.